| GJBK010008282026 | सत्यमेव जयते | દાખલ તારીખ | ૨૭/૦૨/૨૦૨૬ | | |
|---|---|---|---|---|---|
| | | રજીસ્ટર્ડ તારીખ | ૨૭/૦૨/૨૦૨૬ | | |
| | | નિકાલ તારીખ | ૦૩/૦૩/૨૦૨૬ | | |
| | | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૦ | ૦૫ |

---

**પાલનપુરના મહે.ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું.પાલનપુર.**

---

**ક્રિ.પર.અ.નં.૨૪૭/૨૦૨૬**
**આંક :–**

અનિલભાઈ મણાભાઈ મોરી,

ઉ.વ.આ.૧૮,

રહે.સુરેલા, તા.અમીરગઢ,

જિલ્લો–બનાસકાંઠા.

(હાલ રહે.સબજેલ, પાલનપુર) **....અરજદાર**

**વિરૂધ્ધ**

શ્રી સરકાર

જિલ્લા સરકારી વકીલશ્રી પાલનપુર. **....સામાવાળા**

---

અરજદાર તરફે વિ.વ. કુ.વિ.પી.ત્રીવેદી.

શ્રી સરકાર તરફે એડી.પી.પી. શ્રી જે.એસ.પટેલ.

---

**બાબત :–** બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા અંગે...

---

**-// ચૂકાદો //-**

(૧) આ કામના અરજદારે બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે અમીરગઢ પોલીસ સ્ટે. ગુના રજી.નં.૧૧૧૯૫૦૦૩૨૬૦૦૮૦/ ૨૦૨૬, બી.એન.એસ. કલમ-૧૧૮(૨), ૧૧૭(૨), ૧૧૫(૨), ૨૯૬(ખ), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાના કામે રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી અન્વયે આ કામના સામાવાળાને નોટીસ કરતાં સામાવાળા તરફે વિ.એડી.પી.પી. શ્રી જે.એસ.પટેલ આંક-૦૫ ની પુરશીશથી હાજર થયેલ છે.

(૩) અરજદાર/આરોપીની અરજી અન્વયે આ કામના ત.ક.અ. શ્રીએ આંક-૦૭ થી પોતાનું સોગંદનામું રજૂ કરેલ છે, જેમાં તેઓએ અરજદારની અરજીનો વિરોધ કરેલ છે અને તેમણે અરજદારને જામીન મુકત ન કરવા માટે વિનંતી કરેલ છે.

(૪) અરજદાર/આરોપી તર્ફે વિ.વકીલ કુ.વિ.પી.ત્રીવેદીને સાંભળ્યા. તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે. તેણે કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. અરજદાર વિરૂધ્ધ જે આક્ષેપ છે તે માત્ર ફરીયાદીને બે લાફા મારવાનો આક્ષેપ છે. આ કામે મુખ્ય આક્ષેપ તે સહઆરોપી કે જે જુવેનાઈલ છે તેની વિરૂધ્ધમાં છે. તેઓ વધુમાં જણાવે છે કે, આ કામે ખોટી રીતે બી.એન.એસ.એસ.કલમ-૫૪ અન્વયે અરજદારને સંડોવવામાં આવેલો છે. આ કામે અરજદારની ધરપકડ થઇ ત્યારથી તે જયુડીશીયલ કસ્ટડીમાં છે. આ કામે ફરીયાદી કે જે ઈન્જર્ડ હતા તે ડીસ્ચાર્જ થઇ ગયેલ છે. આ કામના અરજદાર/આરોપીનો કોઈ ગુનાહિત ભુતકાળ નથી. તે જામીન આપવા તૈયાર છે. શરતોનું પાલન કરવા તૈયાર છે અને ટ્રાયલ દરમ્યાન પણ હાજર રહેવાની ખાત્રી આપે છે. કેસ મેજીસ્ટ્રેટ ટ્રાયેબલ

છે. કેસ ચાલતાં લાંબો સમય જાય તેમ છે. તેથી તેમણે તેને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(પ) સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી જે.એસ. પટેલને સાંભળ્યા. તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ ગંભીર ગુનાનો આક્ષેપ છે. આ કામના આરોપીએ સહઆરોપી સાથે મળી સહઆરોપીઓએ ફરીયાદી/ભોગબનનારને પેટમાં છરીના ઘા મારેલા છે. બી.એન.એસ.એસ.કલમ–પ૪ અન્વયે મદદગારી માટે આ કમાના આરોપી પણ તેટલા જ જવાબદાર ગણાય. ગુનાની તપાસ ચાલુ છે. ચાર્જશીટ થયેલ નથી. તેથી તેમણે તેને જામીન પર મુકત નહીં કરવા માટે દલીલ કરેલ છે.

(૬) બન્ને પક્ષકારોની રજુઆત ધ્યાને લીધી, એફ.આઈ.આર. વંચાણે લીધી, પોલીસનું એફીડેવિટ ધ્યાને લીધું. અન્ય રજુ થયેલા દસ્તાવેજો ધ્યાને લીધા. આ કામના અરજદાર/આરોપી સામે બી.એન. એસ. કલમ–૧૧૮(૨), ૧૧૭(૨), ૧૧૫(૨), ૨૯૬(ખ), પ૪ તથા જી.પી. એકટની કલમ–૧૩પ મુજબના ગુનાના આક્ષેપ છે. સજાની જોગવાઇ ધ્યાને લીધી. આ કામના અરજદાર/આરોપી સામે ફરીયાદીને બે લાફા મારવાનો આક્ષેપ છે. આ કામે ઈજા પામનાર ડીસ્ચાર્જ થઇ ગયેલ છે. હાલના આરોપીનો કોઇ ગુનાહિત ભુતકાળ નથી. તે જામીન આપવા પણ તૈયાર છે. શરતોનું પાલન કરવા તૈયાર છે. કેસ મેજીસ્ટ્રેટ ટ્રાયેબલ છે. અદાલતમાં કેસોનો ભરાવો ધ્યાને લેતા ટુંક સમયમાં કેસનો નિર્ણય થાય તેમ નથી. જેથી અરજદારને પ્રિ–ટ્રાયલ કન્વીકશનનો ભોગ બનવું પડે તેમ છે. તે સંજોગોમાં તેને જામીનમુકત કરવો યોગ્ય જણાતું હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -// હુકમ //-

(૧) અરજદાર/આરોપીની પ્રસ્તુત જામીન અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી અનિલભાઇ મણાભાઇ મોરીનાઓને બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે અમીરગઢ પોલીસ સ્ટે. ગુના રજી. નં.૧૧૧૯૫૦૦૩૨૬૦૦૮૦/૨૦૨૬, બી.એન.એસ. કલમ-૧૧૮(૨), ૧૧૭(૨), ૧૧૫(૨), ૨૯૬(ખ), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાના કામે રૂા.૧૫,૦૦૦/-(અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત-મુચરકો સંબંધિત અદાલત સમક્ષ આપ્યેથી નીચેની શરતોને આધિન જામીન પર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**-: શરતો :-**

૧. અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ ચાલતાં સુધી ભારત દેશની હદ છોડવી નહી.

૨. અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તાત્કાલિક રજૂ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામુ સંબંધિત અદાલતમાં રજૂ કરવુ.

૩. અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના સાહેદોને ધાક-ધમકી આપવી નહીં, સાક્ષીઓને ફોડવાના પ્રયત્નો કરવા નહી કે, ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી.

૪. અરજદાર/આરોપીએ જામીન મુકિતની સ્વતંત્રતાનો કોઇપણ રીતે દુરુપયોગ કરવો નહી કે, કોઇ ગેરલાભ ઉઠાવવો નહી કે, ફરીયાદપક્ષના કેસને પ્રતિકૂળ અસર થાય તેવું કોઇ કૃત્ય કરવુ નહી.

૫. અરજદાર/આરોપીએ અન્ય કોઇ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિ કરવી નહી કે, પોતાની જાતને કોઇપણ ગુનાહિત પ્રવૃત્તિ સાથે સાંકળવી નહી.

૬. અરજદાર/આરોપીના રહેણાંકનું કાયમી સરનામું, ફોન નંબર સહિત તેમના જામીનદારે જાહેર કરવુ.

૭. અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ દરમ્યાન સંબંધિત અદાલત સમક્ષ નિયમિત હાજર રહેવુ.

૮. ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થશે તો, અરજદાર/ આરોપીની જામીન મુકિતનો હુકમ આપોઆપ રદ થયેલો ગણાશે.

હુકમ લગત સંબંધિત અદાલતને જરૂરી યાદી કરવી.

આ હુકમ આજ તારીખ–બારમી, માહે–માર્ચ, સને–બે હજાર છવ્વીસના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મું.પાલનપુર.
તા.૧૨/૦૩/૨૦૨૬

**(પીયૂષકુમાર અશોકભાઈ પટેલ)**
ત્રીજા એડિશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર.
કોડ નં.જી.જે.૦૦૮૦૩

/THAKER/